13 દિવસ બાકી મતદાન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૬૫ | ૫ ડિસેમ્બર, ૨૦૧૨, બુધવાર; કારતક વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજથી ચૂંટણીખર્ચ નિયંત્રણ માટે ટીમો કાર્યરત

## સુપ્રિમ કોર્ટના આદેશના પગલે ખર્ચ પર નિયંત્રણ લાદવા ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સની ટીમોને કામગીરી માટેના આદેશ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભા ચૂંટણીમાં ખર્ચ પર નિયંત્રણ લાદવા માટે ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સની ટીમો આજથી કાર્યરત કરી દેવામાં આવશે.

ચૂંટણી પંચની નવી સૂચનાઓ સુપ્રિમ કોર્ટે આપેલા આદેશ પછી જારી કરી છે અને આ નવી સૂચનાઓ મુજબ આ ટીમો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવશે. જિલ્લામાં આજથી એક સાથે ૧૧ સ્ટેટીક સર્વેલન્સ ટીમો દ્વારા તેની કામગીરી શરૂ કરાશે અને જિલ્લા તંત્ર દ્વારા આ અંગેના આદેશો જારી કરી દેવામાં આવ્યા છે.

પંચ તરફથી નવી સૂચનાઓને લઈ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલે એક વિડીયો કોન્ફરન્સ યોજી અને રાજ્યના તમામ જિલ્લાઓને આ અંગેની કામગીરી શરૂ કરવા માટેના આદેશો આપી દીધા છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હાલ ૧૧ ટીમો કાર્યરત કરવામાં આવશે અને અન્ય ૧૦ જેટલી ટીમો એકાદ સપ્તાહમાં કાર્યરત કરવામાં આવશે.

સ્ટેટીક સર્વેલન્સ અને ફલાઈંગ સ્કવોડની ટીમોની કામગીરી માટે આજે નોડેલ ઓફિસરોની એક તાકીદની બેઠક પણ બોલાવવામાં આવી છે.

ગુજરાતની વડી અદાલતે આપેલા ચુકાદાને પગલે પંચે સ્ટેટીક સર્વેલન્સ અને ફલાઈંગ સ્કવોડની ટીમોને પોલીસ સ્ટેશનમાં બેસીને ફરજો બજાવવા માટે જણાવ્યું હતું. તેમજ આ ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો હતો અને હવે ચૂંટણી પંચે સુપ્રિમ કોર્ટના આદેશ અન્વયે નવી રૂપરેખા કામગીરીની તૈયારી કરી છે.

સુપ્રિમ કોર્ટના આદેશ અન્વયે ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કરવાની થતી કામગીરીના જે આદેશો જારી કર્યા છે જેમાં : ● વાહનમાંથી રૂ. ૫૦,૦૦૦ થી ઉપરની રોકડ મળી આવે કે જેમાં ઉમેદવાર કે તેના એજન્ટ કે પાર્ટીના કાર્યકર મુસાફરી કરતા હોય. ● તે વાહનમાંથી પોસ્ટર્સ કે ચૂંટણી લક્ષી અન્ય કોઈ સાહિત્ય મળી આવશે ● કોઈ ડ્રગ્સ, દારુ, દારુગોળો ● ભેટ (જેની કિંમત રૂ. ૧૦૦૦૦ થી વધુ હોય) કે જેનો ઉપયોગ મતદારોને રીઝવવા માટે થવાનો હોય તો તે સીઝ કરવાની રહેશે.

આ વાહન ચેકીંગ અને સીઝરની આખી ઘટનાનું વિડિયો રેકોર્ડિંગ કરવાનું રહેશે અને તેની સીડી તૈયાર કરીને રીટર્નિંગ ઓફિસર (આર.ઓ.) ને આપવાની રહેશે.

## ગુજરાતમાં છેલ્લા આઠ વર્ષથી લોકાયુક્ત નથી : શીલા દિક્ષિત

### દિલ્હીમાં વ્યક્તિદીઠ આરોગ્ય પાછળ રૂપિયા ૮૪૦ અને રાજ્યમાં રૂપિયા ૨૭૦ ખર્ચાય છે : શીલા દિક્ષિતનો દાવો

અમદાવાદ, તા. ૪

ગુજરાતમાં ભાજપના શાસનમાં ભ્રામક પ્રચાર દ્વારા લોકોને ગુમરાહ કરવામાં આવે છે. ગુજરાતને ભયભીત કરવામાં આવ્યું છે. કેગે ગુજરાત સરકારના કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારને ઉજાગર કર્યો છે. આઠ વર્ષથી લોકાયુક્ત નિમાતા નથી તેમ દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષીતે આજે પત્રકારોને જણાવ્યું હતું.

દિલ્હીમાં ૧૫ વર્ષથી મુખ્યમંત્રીપદ ભોગવી રહેલા શીલા દિક્ષિતે જણાવ્યું હતું કે, કેન્દ્રની યોજનાઓ મોદી પોતાના નામે ચડાવીને પોતાની તસવીરો મૂકી લોકોને ગુમરાહ કરે છે. ગુજરાતની ભાજપ સરકાર કહે છે કંઈક અને કરે છે કંઈક. ગુજરાતના કર્મચારીઓને પૂરતું વેતન મળતું નથી. તો શેનો વિકાસ થયો છે ? દિલ્હીમાં અનસ્કીલ્ડ લેબરનું વેતન રૂપિયા ૭૦૦૦ થી વધુ છે. જ્યારે ગુજરાતમાં સ્થિતિ અલગ છે. ગુજરાતમાં વ્યક્તિદીઠ આરોગ્ય પાછળ રૂપિયા ૨૭૦ ખર્ચાય છે જ્યારે દિલ્હીમાં ૩૩ ટકા લોકો આજુબાજુથી સારવાર માટે આવે છે છતાં આરોગ્ય પાછળ વ્યક્તિદીઠ રૂપિયા ૮૪૦ ખર્ચાય છે. ગુજરાતમાં કુપોષિત મહિલાઓની ટકાવારી ૫૫ ટકા છે તો ગુજરાતમાં શેનો વિકાસ થયો છે.



બુધવારે ગાંધીનગરમાં આયોજિત મતદાર જાગૃતિ મતદાર રેલી સંદર્ભે મંગળવારે કાર્યક્રમો યોજાયા હતા.

## નરહરિ અમીનનું રાજીનામું

### મોદી સાથે બેઠક બાદ નિર્ણય લીધાની ચર્ચા : નરહરિ અમીન સાથે જયંતિલાલ પરમાર, હિતેશ પોચી, દશરથ પટેલ અને આશિષ અમીને પણ રાજીનામાં આપ્યાં

અમદાવાદ, તા. ૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રદેશ કોંગ્રેસના અગ્રણી નરહરિ અમીન ટિકિટ ન મળતાં નારાજ બન્યા બાદ આજે તેમણે આજે કોંગ્રેસના તમામ હોદ્દાઓ તેમજ પ્રાથમિક સભ્યપદેથી પણ રાજીનામું આપી દીધું છે. નરહરિ અમીનની સાથે તેમના અડધો ડઝન જેટલાં સમર્થક નેતાઓએ પણ કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામાં આપી દીધા છે. કહેવાય છે કે આજે બપોરે મુખ્યમંત્રીના નિવાસસ્થાને નરેન્દ્ર મોદી અને નરહરિ અમીન વચ્ચે બંધ બારણે બેઠક યોજાઈ હતી. એટલે ભાજપમાં જોડાવવાની અટકળો તેજ બની છે.

સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની કોર કમિટીમાંથી નરહરિ અમીનનું મહત્વનું સ્થાન હતું. અને પ્રદેશના અગ્રણી તરીકે તેમની ગણના કરવામાં આવતી હતી. વિધાનસભાની ચૂંટણીમાં બે વાર હારેલાને ટિકિટ નહીં આપવાનો નિર્ણય કરાતાં નરહરિ અમીનને ટિકિટ નહીં મળતા તેઓ નારાજ થયા હતા. અને કોંગ્રેસના અસંતુષ્ઠ આગેવાનો કાર્યકરોનું સંમેલન બોલાવીને કોંગ્રેસને હરાવવા માટેનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. નરહરિને સમજાવવા માટે કોંગ્રેસના રાષ્ટ્રીય અને પ્રદેશ નેતાઓએ અનેક પ્રયાસો કર્યા હતા. પણ નરહરિ અમીન માન્યા ન હતા. આખરે એઆઈસીસીના મહામંત્રી બી. કે. હરિપ્રસાદે નરહરિ સાથે જોડાયેલા તમામ નારાજ આગેવાનો-કાર્યકરોની

● અનુસંધાન પાન-૭ પર







## મોદી ઈમાનદાર હોવાની છાપ ખોટી : કેજરીવાલ

### ટુજી કૌભાંડ કરતાં ગુજરાત ગેસ કરારમાં મોટું કાંડ : કેટલીક કોર્પોરેટ કંપનીઓની તરફેણ કરવાનો ગુજરાતના મુખ્યપ્રધાન મોદી પર સીધો આક્ષેપ

નવી દિલ્હી, તા. ૪

આમ આદમી પાર્ટીના કન્વિનર અરવિંદ કેજરીવાલે આજે વધુ એક ચોંકાવનારો ખુલાસો કર્યો હતો અને ગુજરાત ગેસ સમજૂતિમાં ગેરરીતિ મામલે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવ્યા હતા. કેજરીવાલે નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે મુખ્યમંત્રીએ કેટલીક કોર્પોરેટ કંપનીઓની સીધી રીતે તરફેણ કરી હતી. મોદીની એક ઈમાનદાર તરીકેની છાપ ખોટી છે. કેજરીવાલે આક્ષેપ કર્યો હતો કે મોદીએ બે કંપનીઓ જીયો ગ્લોબલ અને જુબીલન્ટ એન્ડ પ્રો પ્રાઈવેટ લિમિટેડ નામની બે કંપનીઓને કૃષ્ણા-ગોદાવરી બેસિનમાં ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનનો ૨૦ ટકા હિસ્સો આપી દીધો હતો. ભાજપ અને કોંગ્રેસ બંને લૂંટમાં સામેલ છે. કેજરીવાલે આક્ષેપ કર્યો હતો કે ગુજરાત સરકારે આવાસ બનાવવા માટે છુટછાટના દરે ગાંધીનગરના મહત્વપૂર્ણ અને મોંઘા વિસ્તારમાં સાંસદો અને ધારાસભ્યોને



જમીનની ફાળવણી કરી હતી. મોટાભાગના સાંસદો અને ધારાસભ્યોએ ખૂબ ઉંચા રેટમાં આ પ્લોટ વેચી માર્યા હતા. તેમણે ઉમેર્યુ હતુ કે કોંગ્રેસે અવાજ ઉઠાવ્યો નથી કારણ કે તેના પોતાના સાંસદો અને ધારાસભ્યોને આ સોદાબાજીથી લાભ થયો છે. કચ્છ પ્રદેશમાં ખૂબ ઓછી કિંમતે અદાણી ગ્રુપને ૧૪૩૦૬ એકર જમીન મોદીએ આપી હોવાનો આક્ષેપ પણ કેજરીવાલે કર્યો હતો. તહેલકા રિપોર્ટમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કેજી કેસિનમાં ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનના ગેસ સંશોધન પ્રોજેક્ટમાં ખૂબજ નહિવત્ દરોમાં જીઓ ગ્લોબલ રિસોર્સને ૨૦૦૦૦ કરોડ રૂપિયાની રાહત આપવામાં આવી હતી. કેજરીવાલે પ્રશ્ન કર્યો છે કે આનો કોઈ બિડિંગ પ્રક્રિયા હાથ ધરાઈ ન હતી. આ બે કંપનીઓ માટે પસંદગીની પ્રક્રિયા શું હતી તેવો પ્રશ્ન પણ કર્યો છે. કેજરીવાલનું કહેવું છે કે આ કૌભાંડ ટુજી કૌભાંડ કરતા પણ મોટુ કૌભાંડ છે. અમે તપાસની માંગ કરી રહ્યા છીએ. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપ-કોંગ્રેસની સાંઠગાંઠ દ્વારા આ કૌભાંડ કરવામાં આવ્યું હતુ. આટલા મોટા પ્રોજેક્ટમાં ૧૦ ટકાની હિસ્સેદારીની બંને વચ્ચે સાંઠગાંઠ છે. કેજરીવાલે મોદી પર સીધા આક્ષેપો કર્યા છે.

## કેજરીવાલના મુખ્યમંત્રી પરના આક્ષેપો મનઘડંત અને બેબુનિયાદ : સૌરભ પટેલ

### ગુજરાતમાં નરેન્દ્ર મોદીની લોકચાહના સાંખી નહીં શકનારા પરિબળો જુઠ્ઠા આક્ષેપો કરી રહ્યાં છે : જીયો કોન્ટ્રાક્ટ ઓગસ્ટ ૨૦૧૦માં જ રદ કરેલો છે

અમદાવાદ, તા. ૪

ગુજરાતના ઉદ્યોગ અને ઊર્જા રાજ્ય મંત્રી સૌરભ પટેલે આજે નવી દિલ્હીથી આમઆદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને બદનામ કરવાના લક્ષિત ઈરાદાથી જે આક્ષેપો કર્યા છે તેને બેબુનિયાદ અને મનઘડંત ગણાવ્યા છે અને એવો પડકાર કર્યો છે કે વિધાનસભાની ચૂંટણી દરમિયાન નરેન્દ્ર મોદી તરફી જે લોકચાહના અને જનજુવાળ ગુજરાતમાં જોવા મળી રહ્યો છે તેને સાંખી નહીં શકનારા પરિબળોમાં અરવિંદ કેજરીવાલનું પણ નામ ઉમેરાયું છે. તેમણે નરેન્દ્ર મોદી સામે જે આક્ષેપો કર્યા છે તેમાંનો એક પણ આક્ષેપ ટકી શકે એમ નથી કારણ કે ભૂતકાળમાં કોંગ્રેસે પણ આજ પ્રકારના જુઠ્ઠા આક્ષેપો કરેલા છે પરંતુ છ કરોડ ગુજરાતીઓ સહિત જનતા તેને માનવા તૈયાર નથી.

